# રોજની અંતરની પ્રાર્થના

❖ પ્રેરણા ❖

પૂ.આ.ભ.વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા.

❖ સંપાદક ❖

પૂ.મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજયજી ગણિ


પ્રાપ્તિસ્થાન :

પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા ટ્રસ્ટ

C/o. અશોકકુમાર હિંમતલાલ શાહ

એચ.એ.માર્કેટ, ત્રીજે માળ, કપાસીયા બજાર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૨.

ફોન : (ઓ) ૨૧૭૪૫૮૭, ૨૧૭૪૫૫૭

(ઘર) ૬૬૧૨૫૦૭

Printed by : "JINESHWAR" Ph. : 7551654, Pager : 9628-703822

## પ્રાર્થનાનો અનંત લાભ

રોજ આ પ્રાર્થના કરવાથી મન શાંત બને છે. પ્રસન્નતાનો અનુભવ થાય છે. સમાધિની છોળો ઉછળે છે. પાપના બંધ અને અનુબંધ તૂટે છે. પુણ્યનો રસ પોષાય છે. આપણો આત્મા પરમાત્માની કૃપાને પાત્ર બને છે. દિવસ મંગલમય પસાર થાય છે. વિઘ્નના વાદળો વિખરાય છે. મરણ મહોત્સવરૂપ બને છે. સદ્‌ગતિની પરંપરાથી અંતે આત્મા પરમપદનો ભોક્તા બને છે.

# ચાલો, નિત્ય સવારે અંતરથી પ્રાર્થના કરીએ

*(રોજની દિવ્ય પ્રાર્થના)*

: પ્રેરણા :

પૂ.આ.ભ.વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ

: સંપાદક :

પૂ.મુનિરાજશ્રી ભવ્યદર્શન વિજયજી ગણિ

ત્રીજી આવૃત્તિ નકલ ૨૫૦૦ સં. ૨૦૫૬

## નમસ્કાર મહામંત્ર અને ગુરુ સ્થાપના

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં. નમો આયરિયાણં.
નમો ઉવજ્ઝાયાણં. નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો.
સવ્વ પાવપ્પણાસણો. મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

પંચિંદિય સંવરણો, તહ નવવિહબંભચેરગુત્તિધરો,
ચઉવિહકસાયમુક્કો, ઈઅ અઢારસગુણેહિં સંજુત્તો.
પંચમહવ્વયજુત્તો, પંચવિહાયારપાલણસમત્થો,
પંચસમિઓ તિગુત્તો, છત્તીસગુણો ગુરુ મજ્ઝ.



**નમો અરિહંતાણં** - હું અનંત શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. શ્રી અરિહંત પરમાત્માઓની કૃપાથી મારા કામ, ક્રોધ, માન, મદ, હર્ષ, લોભ વગેરે આંતરશત્રુઓ નાશ પામો !

**નમો સિદ્ધાણં** - હું અનંત સિદ્ધભગવંતોને નમસ્કાર કરું છું. શ્રીસિદ્ધભગવંતોની કૃપાથી મને અવિનાશીપદની પ્રાપ્તિ થાઓ !

**નમો આયરિયાણં** - હું અનંત શ્રીઆચાર્યભગવંતોને નમસ્કાર કરું છું. શ્રીઆચાર્યભગવંતોની કૃપાથી મને પંચાચારના પાલનનું બળ પ્રાપ્ત થાઓ !

**નમો ઉવજ્ઝાયાણં** - હું અનંત ઉપાધ્યાયભગવંતોને નમસ્કાર કરું છું. શ્રીઉપાધ્યાયભગવંતોની કૃપાથી મને જ્ઞાન તથા વિનયગુણની પ્રાપ્તિ થાઓ !

**નમો લોએ સવ્વસાહૂણં** - હું લોકમાં રહેલા સર્વ સાધુભગવંતોને નમસ્કાર કરું છું. શ્રીસાધુભગવંતોની કૃપાથી



મને ચારિત્રપાલનનું બળ મળો. મોક્ષ માર્ગના આરાધકોને સહાય કરવાની શક્તિ મળો !

**એસો પંચ નમુક્કારો** - પાંચ પરમેષ્ઠિભગવંતોને ભાવથી કરેલો આ નમસ્કાર (વિનયધર્મ).

**સવ્વપાવપ્પણાસણો** - સર્વ પાપોનો નાશ કરનારો છે.

**મંગલાણં ચ સવ્વેસિં** - દુનિયાભરના સર્વ મંગલોમાં,

**પઢમં હવઈ મંગલં** - પહેલું (શ્રેષ્ઠ) મંગલ છે.

➠ ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવલિપન્નત્તો ધમ્મો મંગલં ॥

➠ લોકમાં આ ચાર મંગળ છે. અરિહંતો મંગળ છે, સિદ્ધો મંગળ છે. સાધુઓ મંગળ છે અને કેવલિભગવંતોએ પ્રરૂપેલો ધર્મ મંગળ છે.

➠ ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો ॥

➠ આ લોકને વિષે ચાર ઉત્તમ છે. અરિહંતો ઉત્તમ છે. સિદ્ધો



ઉત્તમ છે. સાધુઓ ઉત્તમ છે અને કેવલિભગવંતોએ પ્રરૂપેલો ધર્મ ઉત્તમ છે.

➠ ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ ॥

➠ હું અરિહંતભગવાનનું શરણ સ્વીકારું છું. હું સિદ્ધભગવાનનું શરણ સ્વીકારું છું. હું સાધુભગવાનનું શરણ સ્વીકારું છું. હું કેવલિભગવંત-ભાષિત ધર્મનું શરણ સ્વીકારું છું. આ ચારેનું શરણ સ્વીકારું છું. આ ચારના શરણે ગયેલો છું.

આપની સમક્ષ ભૂતકાળના અનંતાભવોમાં કરેલાં પાપો (દુષ્કૃતો) તેમજ ચાલુ ભવમાં કરેલાં પાપોની ક્ષમા માગું છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું, વોસિરાવું છું. સર્વ પાપોનો મિચ્છા મિ દુક્કડં આપું છું અને ભવિષ્યમાં મારાથી પાપો ન થાય તેવી આપની પાસે પ્રાર્થના કરું છું તેમજ સુકૃત કરનાર વ્યક્તિઓમાં અગ્રગણ્ય શ્રીજિનેશ્વરદેવો (અરિહંતદેવો), શ્રીસિદ્ધભગવંતો, શ્રીઆચાર્યભગવંતો, શ્રીઉપાધ્યાયભગવંતો, શ્રીસાધુભગવંતો, દેશવિરતિધર શ્રાવકો, સમ્યગ્દૃષ્ટિ દેવો, તથા મનુષ્યોનાં ત્રણે કાળનાં સુકૃતોની અનુમોદના કરું છું.



એ જ રીતે મારા જીવે ભૂતકાળમાં અનંતભવોમાં કરેલાં સુકૃતો તથા ચાલુ ભવમાં કરેલ સુકૃતોની અનુમોદના કરું છું તથા ભવિષ્યમાં સુકૃતો કરવાનું ચાલુ રહે તેવી આપની પાસે પ્રાર્થના કરું છું.

આપની કૃપાથી અને મારા પુણ્યથી મળેલી શક્તિ, સંપત્તિ આપને અને આપના શાસનને સમર્પિત કરવાનું અને આત્મલક્ષ્મી પ્રાપ્ત કરવાનું મન થાઓ.

*હે પરમાત્મા, હે વીતરાગદેવાધિદેવ !*

* આપની આજ્ઞા સાચી છે, શંકા વિનાની છે અને સર્વ રીતે મને માન્ય છે.

* આપની આજ્ઞા મુજબ હેય એટલે છોડવા યોગ્યને હું છોડી શક્તો નથી અને ઉપાદેય એટલે આચરવા યોગ્ય આચરી શક્તો નથી, તેનું મને ભારોભાર દુઃખ છે.

* આપની આજ્ઞા મુજબ હેય એટલે છોડવા યોગ્ય છોડવાનું અને ઉપાદેય એટલે આચરવા યોગ્ય આચરવાનું મને મન થાઓ.



* આપની આજ્ઞા મુજબ હેય એટલે છોડવા યોગ્ય અને ઉપાદેય એટલે આચરવા યોગ્ય જે આત્માઓ કરી ગયા છે, કરી રહ્યા છે અને કરશે તે સહુની ભૂરિ ભૂરિ અનુમોદના કરું છું.

હે પરમાત્મા, હે વીતરાગ, હે દેવાધિદેવ !

(૧) મને સમતા અને સમાધિ આપો.
(૨) મને રાગ, દ્વેષ અને મોહમાંથી મુક્તિ આપો.
(૩) મને નિષ્પાપ જીવન જીવવાની શક્તિ આપો.
(૪) મને વિષયવાસના અને પાપવાસમાંથી મુક્ત કરો.

(૫) મને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી ત્રણ રત્નો આપો.
(૬) મારી દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની આસ્થા વધારો.
(૭) મને દાન, શીલ, તપ અને ભાવરૂપી ચાર પ્રકારના ધર્મમાં લીન કરો.
(૮) મને ક્રોધ, માન, માયા અને લોભરૂપી ચાર કષાયોથી મુક્ત કરો.
(૯) હું સુખમાં લીન ન બનું અને દુઃખમાં દીન ન થાઉં, તેવું બળ આપો.



(૧૦) મને સુખ છોડવાની અને દુઃખ ભોગવવાની શક્તિ આપો.
(૧૧) મારા જીવનમાંથી પાપ દૂર કરવાની શક્તિ આપો.
(૧૨) મારા જીવનમાં સંતોષ અને શાંતિ આપો.

હે પરમાત્મા, હે વીતરાગ, હે દેવાધિદેવ !

(૧) હું હિંસક છું, મને અહિંસક બનાવ.
(૨) હું જુઠાબોલો છું મને સત્યનિષ્ઠ બનાવ.
(૩) હું કૃપણ છું, મને ઉદાર બનાવ.

(૪) હું કામી છું, મને બ્રહ્મચારી બનાવ.
(૫) હું અસંયમી છું, મને સંયમી બનાવ.
(૬) હું ક્રોધી છું, મને ક્ષમાશીલ બનાવ.
(૭) હું માની છું મને વિનયશીલ-નમ્ર બનાવ.
(૮) હું માયાવી છું, મને સરળ બનાવ.
(૯) હું લોભી છું, મને સંતોષી બનાવ.
(૧૦) હું રાગી અને દ્વેષી છું, મને વીતરાગી બનાવ.
(૧૧) હું દોષદ્રષ્ટિવાળો છું, મને ગુણગ્રાહી બનાવ.



(૧૨) હું પરનિંદક છું, મને સ્વનિંદક બનાવ.
(૧૩) હું પ્રમાદી છું, મને અપ્રમત્ત બનાવ.
(૧૪) હું નિષ્ઠુર છું, મને દયાળુ બનાવ.

ઉપરોક્ત અવગુણોથી ભરપૂર અને સંસારમાં ભટકતા મને તારી માફક સર્વદોષમુક્ત અને સર્વ ગુણસંપન્ન મોક્ષગામી બનાવ.

હે પરમાત્મા, હે વીતરાગ, હે દેવાધિદેવ !

તું મારો નાથ છે. મેં તને ભવોભવ મારા નાથ તરીકે સ્વીકાર્યો છે. હવે તું મારું ભવોભવ રક્ષણ કરજે.

હે પ્રભુ ! ક્યાં તું અને ક્યાં હું ?

(૧) તું સર્વજ્ઞ છે અને હું અજ્ઞાની છું.
(૨) તું સિદ્ધવાસમાં છે અને હું સંસારમાં ભટકતો છું.
(૩) તું કરુણાનો સાગર છે અને હું કરુણાને પાત્ર છું.
(૪) તું કર્મ રહિત છે અને હું કર્મ સહિત છું.
(૫) તું તપસ્વી છે અને હું ખાઉધરો છું.
(૬) તું બ્રહ્મચારી છે અને હું વાસનાનો ભૂખ્યો છું.
(૭) તું ત્યાગી છે અને હું ભોગી છું.



(૮) તું વિરાગી છે અને હું રાગી છું.
(૯) તું સર્વગુણ સંપન્ન છે અને હું સર્વગુણહીન છું.
(૧૦) તું સર્વદોષ મુક્ત છે અને હું સર્વદોષ યુક્ત છું.

તારું તારક શાસન પામીને અનંતા આત્માઓ મોક્ષમાં ગયા. હું પાપી એ શાસન પામીને મોક્ષે જઈ શકતો નથી. તું મારા દોષો દૂર કરી, તારા જેવો મોક્ષગામી થવાની શક્તિ આપ, તું મને અંતરના આશીર્વાદ આપ કે, જેથી હું તપ ત્યાગમાં આગળ વધું. જ્ઞાન ધ્યાનમાં આગળ વધું. આરાધના સાધનામાં આગળ વધું. તારો સંયમમાર્ગ ગ્રહણ કરી, તારી આજ્ઞા મુજબ

નિરતિચાર ચારિત્ર પાળી આઠ કર્મના ચૂરા કરી, ઓછામાં ઓછા ભવોમાં મુક્ત બનું.

*હે વીતરાગ, હે પરમાત્મન્, હે દેવાધિદેવ !*

આપે ફરમાવેલાં દિવસનાં છ કર્તવ્યો, રાત્રિનાં કર્તવ્યો, ચોમાસાનાં કર્તવ્યો તેમજ અલંકારો, વાર્ષિક ૧૧ કર્તવ્યો, પર્યુષણનાં પાંચ કર્તવ્યો, જીવનનાં કર્તવ્યો, મન્નહ જીણાણંની સજ્ઝાયમાં કહેલાં ૩૬ કર્તવ્યો તેમજ બીજા પણ મન, વચન, કાયાને શુદ્ધ કરનારા અનેક કર્તવ્યો કરી હું ક્યારે મારું જીવન



સફળ બનાવીશ ? એ માટે ઘણું ઘણું મનોબળ અને કાયબળ જોઈએ. તેની આપ કૃપાળુ પાસે નમ્ર ભાવે માંગણી કરું છું.

હે વીતરાગ, આપનાં કલ્યાણકારી શાસનમાં આઠ પ્રકારના જ્ઞાનાચારનું, આઠ પ્રકારના દર્શનાચારનું, આઠ પ્રકારના ચારિત્રાચારનું, બાર પ્રકારના તપાચારનું અને ત્રણ પ્રકારના વીર્યાચારનું પાલન સાધુ કે શ્રાવક માટે અતિમહત્ત્વનું ગણ્યું છે. પ્રમાદી એવો હું પ્રમાદનો ત્યાગ કરી, એ પાંચ આચારોનું પાલન સુંદર રીતે ક્યારે કરીશ અને ક્યારે જ્ઞાનાદિગુણોનો ભંડાર બનીશ ?

## વિશ્વ-કલ્યાણની ભાવના

- શિવમસ્તુ સર્વજગતઃ પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
  દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ, સર્વ જીવો પરોપકારમાં તત્પર બનો, દોષો (પાપ) નાશ પામો, સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ.

સર્વથા સહુ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો;
રાગદ્વેષથી મુક્ત થઈને, મોક્ષ સુખ સહુ જગ વરો.



- સર્વેઽપિ સુખિનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયાઃ ॥
  સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્ ॥
  સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો નિરોગી થાઓ,
  સર્વ જીવો કલ્યાણને જુઓ, કોઈપણ જીવ દુઃખી ન થાઓ.
- ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે ।
  મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઈ ॥
  સર્વ જીવોને હું ખમાવું છું, સર્વ જીવો મને ખમાવે,
  સર્વ જીવો સાથે મારે મૈત્રી છે, કોઈનીય સાથે મારે વેર નથી.

●●●

(૧) શાસ્ત્રોનો અભ્યાસ

(૨) જિનેશ્વરપરમાત્માની ભક્તિ

(૩) સત્પુરુષોનો સમાગમ

(૪) સદાચારીના ગુણની પ્રશંસા

(૫) દોષ બોલવાના પ્રસંગે મૌન

(૬) બધાયની સાથે પ્રિય અને હિતકર ભાષા

(૭) આત્મતત્ત્વનું ચિંતન-મહામંત્રી વસ્તુપાળે માગેલી આ સાત વસ્તુ, મોક્ષ ન મળે ત્યાં સુધી ભવોભવ મને પણ મળજો.



## સમ્યક્ત્વની પ્રતિજ્ઞા

- અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરુણો ।
  જિણ-પન્નત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં ॥

હું જીવું ત્યાં સુધી અરિહંત મારા દેવ છે. સુસાધુ મારા ગુરુ છે. જિનેશ્વરભગવાને પ્રરૂપેલું તત્ત્વ એ જ મારો ધર્મ છે. આ સમકિતને મેં ગ્રહણ કર્યું છે.

- જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં ।
  જં જં કાએણ કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ ॥

જે જે પાપ મનથી બાંધ્યું હોય, જે જે પાપ વચનથી કર્યું હોય, જે જે પાપ કાયાથી કર્યું હોય, તે સંબંધી મારું મિચ્છા મિ દુક્કડં !

## પ્રાતઃ સમયનું કર્તવ્ય

બ્રાહ્મમુહૂર્તમાં જાગીને ૩, ૫, ૮, ૯, ૧૨ કે ૧૦૮ નવકારનું સ્મરણ કરવું.

ત્યારબાદ હાથની બંને હથેળી ભેગી કરી સિદ્ધશિલાના આકારમાં રહેલી રેખાઓને સિદ્ધશિલા કલ્પી, તેના પર ૨૪



તીર્થંકરદેવોને કલ્પી ૐ ઋષભ - અજિત - સંભવ - અભિનંદન - સુમતિ - પદ્મપ્રભ - સુપાર્શ્વ - ચન્દ્રપ્રભ - સુવિધિ - શીતલ - શ્રેયાંસ - વાસુપૂજ્ય - વિમલ - અનંત - ધર્મ - શાંતિ - કુંથુ - અર - મલ્લિ - મુનિસુવ્રત - નમિ - નેમિ - પાર્શ્વ - વર્ધમાનાન્તા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવન્તુ સ્વાહા ॥

આ મંત્ર બોલવા પૂર્વક વંદના કરી મને સિદ્ધિગતિ ક્યારે પ્રાપ્ત થશે, એવી ભાવના ભાવવી.

તે પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી હું કોણ છું ? ક્યાંથી

આવ્યો છું ? ક્યાં જવાનો છું ? મારું કર્તવ્ય શું છે અને હું શું કરી રહ્યો છું ? એનો વિચાર કરવો.

પછી શત્રુંજય, ગિરનારજી, સમ્મેતશિખરજી, શંખેશ્વરજી, તારંગાજી વગેરે જે તીર્થોની યાત્રા કરી હોય તેના મૂળનાયક પ્રભુજીને યાદ કરી દર્શન કરવા અને ન કરેલી તીર્થયાત્રા જલદી થાય તેવી ભાવના ભાવવી.



## શ્રીઅરિહંતપરમાત્માનું ધર્મચક્ર

- સર્વપ્રજાનું કુશળ થાઓ.
- રાજાઓ બલવાન અને ધર્મી બનો.
- યોગ્ય કાળે સારા મેઘનું પૃથ્વી પર અવતરણ થાઓ.
- જગતમાં સર્વરોગો નાશ પામો.
- આ પૃથ્વીતલ પર દુકાળ - ચોરી - મારી જરાપણ ન થાઓ.
- સર્વ સુખને આપનારું જિનેશ્વરભગવંતનું ધર્મચક્ર સતત વિસ્તારને પામો.

## ધર્મજાગરિકા

આ મોંઘેરા માનવજન્મમાં ધર્મ જાગૃતિ લાવવા નીચેનાં વિચારો કરવાં.

(૧) આ મારો કયો કાળ છે ? ઉત્કૃષ્ટ પુણ્યથી મળેલો આ ઉત્તમ મનુષ્યભવનો કાળ છે.

(૨) આ કાળને ઉચિત કરવા યોગ્ય શું છે ? દાન-શીલ-તપ વિગેરે ધર્મકાર્યો કરવા યોગ્ય છે.



(૩) વિષયસુખો દુ:ખરૂપ છે. અસાર છે. નિશ્ચિતપણે એ ચાલ્યા જવાના છે. એનું પરિણામ નિરસતામાં આવે છે.

(૪) મૃત્યુ મહાભયાનક છે. સર્વનો અભાવ કરનારું છે. ક્યારે આવશે તે કહી શકાય એમ નથી. એની પરંપરા અનેક જન્મો સુધી ચાલે છે.

(૫) મૃત્યુનાં મહાવ્યાધિને મીટાવવા ધર્મ એ મહાઔષધ છે. એકાંતે શુદ્ધ ઔષધ છે. મહાપુરુષોએ એ ઔષધનું સેવન કર્યું છે. પ્રાણીમાત્રને એ ઔષધ કલ્યાણકર છે.

નિર્દોષ છે. પરમાનંદદાયી છે. મૃત્યુના મહારોગને મિટાવનાર, ધર્મને મારો નમસ્કાર હો. એ ધર્મના પ્રકાશકોને મારો નમસ્કાર હો. એ ધર્મનું પાલન કરનારાઓને મારો નમસ્કાર થાઓ. એ ધર્મના ઉપદેશકોને મારો નમસ્કાર થાઓ. એ ધર્મનો સ્વીકાર કરનારાઓને મારો નમસ્કાર થાઓ.

હું પણ મન, વચન, કાયાથી એ ધર્મનો સ્વીકાર કરું છું. એ ધર્મના પ્રભાવથી મારા આત્માનું કલ્યાણ થાઓ.



(૧) સારાય વિશ્વના અને મારા આત્માના ભવોભવના ઉપકારી શ્રી અરિહંતપરમાત્મા ઉપર ભક્તિ પ્રગટ થાઓ.

(૨) ધર્મબોધ આપનારા પૂજ્ય ગુરુમહારાજનાં હિતકારી વચનોમાં દૃઢતા પ્રાપ્ત થાઓ.

(૩) ધર્મનાં કાર્યો અને ક્રિયાઓમાં રસ ઉત્પન્ન થાઓ.

(૪) પોતાના જીવનમાં ગુણો મેળવવાનો પ્રેમ અને બીજાના ગુણો જોઈને મને પ્રમોદ પ્રાપ્ત થાઓ.

(૫) જ્ઞાન-દાન, સુપાત્રદાન, અભયદાન – આ બધાં કલ્યાણકારી દાનોમાં મને તીવ્રરુચિ પેદા થાઓ.

(૬) વિવિધ પ્રકારના વિનયધર્મનું આચરણ કરનારો થાઉં.

આપનું એક ફરમાન એવું છે કે - દેવદુર્લભ માનવજન્મમાં આઠ વર્ષની ઉંમરે સર્વવિરતિધર (સાધુ) બનું. એ તાકાત ન હોય તો સમ્યક્ત્વમૂલ બારવ્રતધારી શ્રાવક બનું. આપના આ કલ્યાણકારી ફરમાનનું પાલન કરવા મારો આત્મા ક્યારે સમર્થ બનશે ? હે પ્રભુ, મારી નિર્બળતા ક્યારે દૂર થશે ?



## આર્થિક સહયોગ

- શાહ અજયભાઈ અનુભાઈ તથા તેમના ધર્મપત્ની ચેતીબેનની અઠ્ઠાઈ નિમિત્તે
- શ્રીમતી ચન્દ્રાવતીબેન બાલુભાઈ ઝવેરી (મલાડ)
- પૂ.આ.વિ.ગુણયશસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં શાહ રસિકલાલ રામચંદની સુપુત્રી પિનલબેનની ૧૬ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે (માટુંગા)
- સ્વ.ચંપકલાલ સાંકળચંદ, અમદાવાદ